ગાંધીનગર સમાચાર
Regd. No. GNR/65-G0

# શહેરમાં કડાકા-ભડાકા સાથે વરસાદ

**ગાંધીનગરમાં વિજકડાકા અને વાદળગર્જના સાથે અડધો ઇંચ વરસાદ ખાબકયો : સવારના સમયે અચાનક જ વાતાવરણમાં નાટયાત્મક પલ્ટો આવતા આકાશમાં ઘેરાયેલા કાળા ડિબાંગ વાદળો ગર્જ્યા : ૧૧ મી મી વરસાદથી સેકટરોમાં ઠેર ઠેર પાણી ભરાયા : વાતાવરણમાં ઠંડક પ્રસરી : સેકટરોમાં વરસાદી સમસ્યાનો ઢગ**











ગાંધીનગર તા ૪

ગાંધીનગરમાં ઉનાળાના આગમનથી જ વાતાવરણ પલ્ટાનો સિલસિલો યથાવત છે. આજે પણ સવારના સમયે અચાનક જ આકાશમાં કાળા ડીબાંગ વાદળો ગોરંભાયા હતા. જયારે અચાનક જ વાદળ ગર્જના અને વિજ કડાકા સાથે વરસાદ ખાબકયો હતો. પલવારમાં જ મોસમનો મિજાજ બદલાઇ ગયો હતો જેના લીધે સેકટરોમાં ઠેર ઠેર વરસાદી પાણીના ખાબોચિયા ઉભરાતા નજરે પડયા હતા. જયારે રજાના દિવસે અચાનક જ વરસાદી વાદળો વરસતા નગરજનોએ મોસમની મજા માંણી હતી. જયારે માવઠાથી પ્રભાવિત વિદાય લેતી ગરમીની મોસમમાં સેકટરોમાં ઠેર ઠેર વરસાદી સમસ્યાનો ઢગ ખડકાયો હતો. સવારના ૧૧ મી મી વરસાદ નોંધાયો હતો.

ગાંધીનગરમાં ઉનાળાની શરૂઆતથી મોસમનો મિજાજ સતત બદલાતો રહે છે. માર્ચ અને એપ્રિલ મહીનાની શરૂઆતમાં ચોમાસુ બેસી ગયુ હોય તેમ રીતસર વરસાદ દર બે દિવસે હાજરી પુરાવતા નગરમાં ભીંજારાનો માહોલ જામ્યો હતો. સતત વાતાવરણ પલ્ટાના લીધે ચૈત્ર મહીનામાં પણ અષાઢી નઝારો નિખર્યો હતો. જેના લીધે માર્ચ અને એપ્રિલ મહીનામાં ગરમી અદ્રશ્ય થઇ ગઇ હતી. જયારે મેં મહીનાની શરૂઆતમાં આકરી ગરમીના દિવસો શરૂ થતા મહત્તમ તાપમાન પણ ૪૪ .૪ ડીગ્રી સુધી પહોંચી ગયુ હતુ. મેં મહીનામાં ગરમીનો પારો સતત ૪૧ ડીગ્રીની ઉપર જોવા મળ્યો હતો જો કે આ દરમિયાન પણ એકાદ વાર વાતાવરણ પલ્ટા વચ્ચે કમોસમી માવઠુ વરસ્યુ હતુ. છેલ્લા ત્રણ મહીનાથી ઉનાળાની મોસમ માવઠાથી પ્રભાવિત છે. વારંવાર બદલાતા મોસમના નઝારાથી નગરજનો પણ બેચેની અનુભવી રહ્યા છે. આજે પણ સવારે અચાનક જ વાતવરણમાં નાટયાત્મક પલ્ટો જોવા મળ્યો હતો. સવારના સમયે અચાનક જ આકાશમાં વરસાદી વાદળો ગોરંભાયા હતા જયારે વિજકડાકા અને વાદળ ગર્જના વચ્ચે વરસાદ વરસવાનુ શરૂ થતા નગરનો નઝારો બદલાઇ ગયો હતો. પલવારમાં જ સેકટરોમાં ઠેર ઠેર વરસાદી પાણી ભરાઇ ગયા હતા.

જયારે વાતવરણમાં પણ ઠંડક પ્રસરી હતી. વરસાદી ઝાપટાથી જનજીવન પ્રભાવિત થયુ હતુ. રજાના દિવસે ગરમીથી ત્રસ્ત નગરજનોએ વરસાદી ઝાપટાની મજા માંણી હતી શહેરમાં થોડા દિવસો અગાઉ પણ વરસાદી ઝાપટાથી સેકટરોમાં વરસાદી સમસ્યાઓનો ઘેરાવ જોવા મળ્યો હતો. અવારનવાર વરસાદી ઝાપટાના લીધે સેકટરોમાં અનેક ઠેકાણે નતનવી સમસ્યાઓ ઉદભવે છે. આજે પણ સવારે સેકટરોમાં ઘણાં ઠેકાણે વરસાદી પાણીના ભરાવા સાથે કાદવ કિચ્ચડ અને ગંદકી જોવા મળી હતી. આજે ટાટ એસ ની પરીક્ષા પણ હોવાથી વરસાદી મોસમ વચ્ચે પરીક્ષાર્થીઓ પણ પલવાર માટે ચિંતામાં મુકાયા હતા. સવારના સમયે અડધા ઈંચ જેટલો અલબત્ત ૧૧ મી મી વરસાદ વરસ્યો હતો. પર્યવારણ દિવસની ઉજવણી પુર્વે વરસાદી ઝાપટાથી પ્રકૃતિમાં પણ નિખાર જોવા મળ્યો હતો. જેના લીધે દિવસ દરમિયાન સેકટરોમાં કોમન પ્લોટ અને નિચાણવાળા વિસ્તારમાં પાણીના ખાબોચિયા ઉભરાતા જોવા મળ્યા હતા. સેકટરોમાં વરસાદી પાણીના ભરાવા અને ગંદકી વચ્ચે મચ્છરો અને જીવાતનો ઉપદ્રવ વધી ગયો છે જેના લીધે સેકટરવાસીઓ પર રોગચાળાનો ખતરો મંડરાયો છે. સેકટરોમાં શેરી સફાઇનુ અભિયાન હાથ ધરવામાં આવે તેવી લાગણી પણ પ્રબળ બની છે.

## ગરમીનો પારો ૫ ડીગ્રી નીચે સરકી ગયો

**વાતાવરણમાં ભેજનુ પ્રમાણ વધતા દિવસે નગરજનોએ આકરો ઉકળાટ અનુભવ્યો : લઘુત્તમ તાપમાન પણ ૮ ડીગ્રી ગગડયુ**

ગાંધીનગર તા ૪

ગાંધીનગરમાં વિદાય લેતી ગરમીની સિઝન ટાંણે વાતાવરણમાં વારંવાર પલ્ટો જોવા મળે છે. છેલ્લા ત્રણ ચાર દિવસથી ગરમીનો મિજાજ ઉગ્ર રહ્યો હતો પરંતુ આજે સવારે નાટયાત્મક પલ્ટા બાદ ગરમીનો પારો ૫ ડીગ્રી નીચે સરકી ગયો હતો. જયારે લઘુત્તમ તાપમાન પણ ૮ ડીગ્રી ગગડયુ હતુ. જેના લીધે નગરજનોએ કાતિલ ગરમીમાં રાહત અનુભવી હતી પરંતુ દિવસ દરમિયાન અસહ્ય ઉકળાટ અનુભવ્યો હતો. મહત્તમ અને લઘુત્તમ તાપમાન વચ્ચે માત્ર ૧૫ ડીગ્રીનો તફાવત જોવા મળ્યો હતો.

ગાંધીનગરમાં ધોમધખતા ઉનાળામાં ગમે ત્યારે મોસમનો મિજાજ બદલાય છે. છેલ્લા ઘણા સમયથી ગરમીનો પારો ઉગ્ર જોવા મળે છે. જેના લીધે મહત્તમ તાપમાન પણ ૪૦ ડીગ્રીની ઉપર રહે છે. ઉનાળાની આકરી ગરમીના દિવસોની શરૂઆતમાં અલબત્ત માર્ચ અને એપ્રિલ મહીનામાં વારંવાર નાટયાત્મક હવામાન પલ્ટાની અસરના લીધે ગરમીની અસર વર્તાતી ન હતી. પરંતુ મેં મહીનાની શરૂઆતથી ગરમીનો મિજાજ આક્રમક જોવા મળે છે. જેના લીધે મહત્તમ તાપમાન ૪૧ ડીગ્રી ઉપર જોવા મળે છે. મેં મહીનામાં માંડ એકાદ દિવસ ગરમીનો પારો ૪૦ ડીગ્રીની અંદર રહ્યો છે. જયારે જુનમાં પણ છેલ્લા ત્રણ દિવસથી મહત્તમ તાપમાન ૩૯ થી ૪૦ ડીગ્રી વચ્ચે રહેતા નગરજનો આકરી ગરમીનો અહેસાસ કરી રહ્યા છે. જો કે આજે વહેલી સવારે અચાનક જ વાતાવરણમાં પલ્ટો આવતા વિજ કડાકા અને વાદળ ગર્જના વચ્ચે વરસાદ વરસ્યો હતો જેના લીધે શહેરમાં ભીંજારાનો માહોલ પ્રવર્તયો હતો. વાતાવરણમાં પણ ઠંડક પ્રસરી હતી. જો કે વાતાવરણ પલ્ટાની અસર વચ્ચે ગરમીનો પારો ૫ ડીગ્રી નીચે સરકી ગયો હતો. તો બીજીતરફ લઘુત્તમ તાપમાન પણ ૮ ડીગ્રી ગગડયુ હતુ. મહત્તમ અને લઘુત્તમ તાપમાન વચ્ચે ૧૫ ડીગ્રીનો તફાવત જોવા મળ્યો હતો. છેલ્લા ત્રણ ચાર દિવસથી વાતાવરણમાં ભેજનુ પ્રમાણ વધુ રહેતા નગરજનો બફારાથી પણ પરેશાન છે. જયારે આજે ગરમીનુ જોર ઘટતા વાતાવરણમાં ભેજનુ પ્રમાણ પણ સવારે ૯૩ ટકા સુધી પહોંચી ગયુ હતુ. જેના લીધે દિવસ દરમિયાન શહેરીજનોને આકરા ઉકળાટે પરેશાન કર્યા હતા. ગરમીની મોસમ હવે વિદાય તરફ છે. આગામી બે સપ્તાહમાં ચોમાસાનો પ્રારંભ થશે

● અનુસંધાન પાન-૭ પર

## ગાંધીનગરની નવી ઓળખ : પ્રકૃત્તિ શિક્ષણનું ધામ

**ગાંધીનગરને સોલાર સીટી બનાવવા માટે પણ કમર કસવામાં આવી : શહેરમાં હવે ગ્રીન સ્કૂલના પ્રોજેક્ટનું પણ અમલીકરણ થવા જઈ રહ્યુ છે : મહાત્મા મંદિરથી સચિવાલય સુધીનો સેન્ટ્રલ વિસ્ટા પાર્ક એ ભારતમાં સૌથી મોટો ગ્રીન પ્લોટ**

ગાંધીનગર, તા. ૪

આજે વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી પાટનગરમાં થવાની છે. આ દિવસે હરિયાળા ગાંધીનગરની કલ્પનાને પ્રાપ્ત થયેલી નવી ઓળખ વિશે વાત કરવી છે.

ગાંધીનગર શહેરમાં મહાત્મા મંદિરથી સચિવાલય સુધીનો સેન્ટ્રલ વિસ્ટા પાર્ક એ ભારતમાં સૌથી મોટો ગ્રીન પ્લોટ છે. આ સાથે ગાંધીનગરમાં હવે પહેલીવાર મિયાવાંકી વન યોજનામાં સુધારા વધારા સાથે વનકવચ થીમ ઉપર વન ઉભા કરવામાં આવશે. પ્રથમ તબક્કે ૧૦ હેક્ટર જેટલો વિસ્તાર પસંદ કરાયો છે.

ગાંધીનગર શહેરમાં પી.ડી.પી.યુ. રોડ પર મોટા પ્રમાણમાં વૃક્ષોના વાવેતરનું આયોજન મનપા તંત્રએ કર્યુ છે. મનપાએ આમ તો મિલીયન ટ્રીના લક્ષ્યાંક સાથેનો કાગળ પર રોડમેપ તૈયાર કરી દીધો છે.

ગાંધીનગરમાં એક નગરવન પણ વિકસાવવામાં આવ્યું છે. ગાંધીનગરના બગીચાઓમાં આ વખતે વૃક્ષોના વાવેતરમાં અગ્રતા આપવાની વ્યુહરચના પણ છે.

**સમયસર**
**- પ્રકાશ જહા**

ઉદ્યાનગરી તરીકે ઓળખાતા પાટનગરમાં બગીચાઓના રિનોવેશન પછી તેની મરામત અને જાળવણી માટેની શરતો ટેન્ડરમાં લાગુ કરાયા પછી તંત્રએ હવે આ બગીચાઓમાં થોડાક વધુ વૃક્ષોનું વાવેતર કરી તેને વધુ ગીચ અને હર્યાભર્યા બનાવવાની દિશામાં આગળ વધવાનો નિર્ણય કર્યો છે.

શહેરમાં જે પાંચ વનકવચ ઉભા કરવામાં આવી રહ્યા છે તેમાં આયુર્વેદના ઔષધિય છોડ-વૃક્ષ ઉપરાંત કેટલાક મહત્વના વૃક્ષોનું પણ વાવેતર કરવામાં આવનાર છે.

ગાંધીનગરને હરિયાળુ બનાવવા માટે રોડ સાઈડ પ્લાન્ટેશન જે છે તેને થોડુક ગીચ બનાવવામાં આવે તેવા સંકેતો મળી રહ્યા છે.

ગાંધીનગર હરિયાળા નગર ઉપરાંત એક એવુ નગર બનશે જેની ઓળખ આગવી હશે. ગાંધીનગરને સોલાર સીટી બનાવવા માટે પણ કમર કસવામાં આવી છે. ગાંધીનગરમાં ૪૫ મે.વો.થી વધુ સોલાર ઊર્જાનું ઉત્પાદન કરવાનો લક્ષ્યાંક છે. મનપાએ તો સોલાર ટ્રી ઉભા કરી દીધા છે. આ ઉપરાંત શહેરની ઘણી બધી કચેરીઓની છત પર સોલાર પેનલો થકી વીજ ઉત્પાદન કરવામાં આવી રહ્યું છે.

ગાંધીનગર શહેરમાં હવે ગ્રીન સ્કૂલના પ્રોજેક્ટનું પણ અમલીકરણ થવા જઈ રહ્યુ છે. જેથી ગાંધીનગર તાલુકાના અને શહેરના ભૂગર્ભ જળના સ્તરમાં સુધારો આગામી દિવસોમાં જોવા મળશે. ગ્રીન સ્કુલ પ્રોજેક્ટમાં વરસાદી પાણીના સંગ્રહની સાથે સાથે વૃક્ષોનું વાવેતર કરવામાં આવશે જેથી બાળકોને પ્રકૃત્તિ શિક્ષણ પણ ઉપલબ્ધ બનશે. સરિતાઉદ્યાન નજીક આકાર પામેલ સંત સરોવર યાયાવર પક્ષીઓનું એક મોટા ઘર તરીકે વધુ વિકાસ પામ્યુ છે અને તેથી આગામી દિવસોમાં ગાંધીનગરની ઓળખને વધુ એક નિખાર પ્રાપ્ત થશે.

ગાંધીનગર શહેરને હરિયાળુ બનાવવાનો સંકલ્પ અને તેના માટેનો પરિશ્રમ કરવાની કટિબદ્ધતા હવે ગાંધીનગરની નવી ઓળખને નિખાર આપશે એમાં કોઈ બેમત નથી.

## જિલ્લામાં ટાટ એસની પરીક્ષા શાંતિપુર્ણ રીતે સંપન્ન : ૧૩૯૭ ઉમેદવારોની હાજરી ઘટી

**પ્રશ્નપત્ર મધ્યમકક્ષાનુ : માધ્યમિક વિભાગમાં શિક્ષકોની ભરતી અન્વયે જિલ્લામાંથી ૧૨૧૩૩ ઉમેદવારોએ પરીક્ષા આપી પરીક્ષા દરમિયાન ગેરરીતીનો એક પણ કિસ્સો નોધાયો નથી**



ગાંધીનગર તા ૪

ગાંધીનગરમાં આજે ટાટ એસ ની પરીક્ષા શાંતિપુર્ણ માહોલમાં સંપન્ન થઈ હતી. જિલ્લામાં આ પરીક્ષાને અનુલક્ષીને ૫૦ કેન્દ્રો પર બેઠક વ્યવસ્થાનુ આયોજન કરવામાં આવ્યુ હતુ. જયારે પરીક્ષા માટે નોંધાયેલા કુલ ૧૩૫૩૦ પૈકી ૧૨૧૩૩ ઉમેદવારો હાજર રહ્યા હતા જયારે ૧૩૯૭ ઉમેદવારોની હાજરી ઘટી હતી. આ પરીક્ષા દરમિયાન જિલ્લામાં ગેરરીતીનો એક પણ બનાવ બન્યો નથી.

શાળાઓમાં માધ્યમિક વિભાગમાં શિક્ષકોની ભરતી કરવા માટે ટાટ એસ ની પરીક્ષાનુ આયોજન કરવામા આવ્યુ હતુ. જિલ્લા શિક્ષણ તંત્ર દ્વારા પણ પરીક્ષાને અનુલક્ષી તમામ તૈયારીઓ કરવામાં આવી હતી જયારે પરીક્ષા દરમિયાન કોઈપણ પ્રકારની ગરેરીતી ન થાય તે માટે પણ પુરતી તકેદારી રાખવામાં આવી હતી. સમગ્ર રાજયમાં આજે ટાટ એસની પરીક્ષાનુ આયોજન વિવિધ જિલ્લા કક્ષાએ કરવામાં આવ્યુ હતુ જયારે ગાંધીનગર જિલ્લામાંથી પણ આ પરીક્ષાને અનુલક્ષીને ૧૩૫૩૦ ઉમેદવારો નોંધાયા હતા. જયારે આ પરીક્ષાર્થીઓ માટે ૫૦ કેન્દ્રોના ૪૪૨ બ્લોકમાં બેઠક વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી. રવિવારે યોજાયેલા આ શિક્ષક અભિરૂચિ કસોટીમાં કુલ ૨૦૦ ગુણના પ્રશ્નો પુછાયા હતા. જયારે નોંધાયેલ ઉમેદવારો પૈકી ૧૩૯૭ ગેરહાજર રહ્યા હતા. અલબત્ત ગેરહાજર ઉમેદવારોની સંખ્યા પણ વિશેષ રહી હતી. જયારે ટાટ એસ ની આ પરીક્ષાનુ પ્રશ્નપત્ર પ્રમાણમાં મધ્યમ હોવાનુ પણ ઉમેદવારોએ જણાંવ્યુ હતુ. અલબત્ત પ્રશ્નપત્ર એટલુ સરળ પણ નહી અને અઘરુ પણ નહી તે પ્રકારનુ સ્ટાન્ડર્ડ હતુ. પરીક્ષા દરમિયાન કોઈપણ પ્રકારની ગેરરીતી ન થાય તે માટે વર્ગખંડોમાં સી સી કેમેરાની વોચ રહી હતી પરીક્ષાના પ્રશ્નપત્રો પણ પોલીસ

● અનુસંધાન પાન-૭ પર

## સીએમ ભુપેન્દ્ર પટેલે દહેગામના કરોલી અને હરસોલી ગામની ઓચિંતિ મુલાકાત લીધી

**કરોલીમાં ત્રણ તળાવના વિકાસ કાર્યોની સમીક્ષા કરી : ચાની કીટલી પર કાફલો રોકી મુખ્યમંત્રીએ વધુ એક વખત સ્થાનિકો સાથે ચાય પે ચર્ચા કરી**



ગુજરાતના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ પોતાના કોમનમેન તરીકેના વ્યક્તિત્વથી સમગ્ર રાજ્યના લોકોના દિલમાં વસી ચૂક્યા છે. ત્યારે આજે વધુ એક વખત ભુપેન્દ્ર પટેલ ભારે ચર્ચામાં આવ્યા છે. મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ આજે ઓચિંતા દહેગામ તાલુકાના કરોલી ગામ ખાતે પહોંચ્યા હતા. મુખ્યમંત્રીનો કાફલો ઓચિંતા કરોલી ગામે પહોંચતા સ્થાનિક વહીવટી તંત્રમાં દોડધામ મચી જવા પામી હતી. વિકાસ થઈ રહેલ ત્રણ તળાવોના કામની સમીક્ષા કરી હતી અને અધિકારીઓને જરૂરી સૂચનાઓ આપી હતી. તેમની મુલાકાત દરમિયાન ઉચ્ચ અધિકારીઓ પણ હાજર રહ્યા હતા. મુખ્યમંત્રી નાનકડા એવા કરોલી ગામે ઓચિંતાં પહોંચ્યા હોવાની જાણ થતા સ્થાનિકોના ટોળેટોળા સ્થળ ઉપર દોડી આવ્યા હતા.

આ અંગે મળતી માહિતી અનુસાર રાજ્યના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ આજે ઓચિંતા દહેગામ તાલુકાના કરોલી ગામ ખાતે અમૃત સરોવર યોજના હેઠળ તૈયાર થઈ રહેલા ત્રણ તળાવની મુલાકાત

● અનુસંધાન પાન-૭ પર

## આજથી શહેરના શાળાસંકુલો વિદ્યાર્થીઓના કોલાહલથી ગુંજશે

ગાંધીનગર, તા. ૪

ઉનાળુ વેકેશનના અંતે દોઢ મહિનાની રજાઓ બાદ શહેરના શાળા સંકુલો વિદ્યાર્થીઓની કોલાહલથી ગુંજશે વિદ્યાર્થીઓ લાંબા સમયથી વેકેશન એન્જોય કરી રહ્યા હતા જ્યારે હવે શાળાઓ શરૂ થતાં સ્કૂલ બેગ તૈયાર કરીને ચલો સ્કૂલ ચલે હમ ના અંદાજમાં સજ્જ થઈ ગયા છે

નગરની શાળાઓમાં લાંબા સમયથી રાજાઓના લીધે સન્નાટો જોવા મળે છે આડા દિવસોમાં વિદ્યાર્થીઓની સતત અવરજવર થી ધમધમતા શૈક્ષણિક સંકુલોમાં દોઢ મહિનાથી સૂનકાર જોવા મળી રહ્યો છે જ્યારે હવે ઉનાળુ વેકેશનના દિવસો પૂરા થતાં વિદ્યાર્થીઓ શાળાએ જવા માટે સજ્જ થઈ રહ્યા છે શાળાઓમાં પણ ઉઘડતા સત્રાએ વિદ્યાર્થીઓને વેલકમ કરવા તૈયારી કરી દેવામાં આવી છે શાળા ખુલવાનું કાઉન્ટ ડાઉન શરૂ થતાં આજે રજાના દિવસે શહેરની સ્ટેશનરીની દુકાનો માં પણ આજે ખરીદી માટે ભીડ જોવા મળી હતી આજથી શાળાઓ શરૂ થતા નગરના જનજીવનમાં પણ અનોખો ધમધમાટ જોવા મળશે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT
Turning Dreams into Concrete Reality
ASTRAL PIPES
Pidilite Roff
TILE & STONE FIXING EXPERT
Birla White
THE WHITEST WHITE CEMENT
VINAYAK 500
ટી.એમ.ટી. સળીયા

જગદીશ
સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
મો. : (ઓ) ૯૬૮૭૬ ૨૭૦૦૮

શાખા :
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૪૩૨૧૮૬, ૯૦૯૯૯૬૨૯૪૬

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com